પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૧૦/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૧ આસો વદ-૧૩ વર્ષ : ૧૬ અંક : ૨૬૨

**સુવિચાર**

‘‘મુશ્કેલ સમયમાં માણસને સાથની જરૂર પડે છે, જ્ઞાનની નહીં.’’

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭




## ૫ નવા કેબિનેટ મંત્રી, રાજય કક્ષાનાં ૩ મંત્રીને સ્વતંત્ર હવાલો

# ગુજરાત મંત્રીમંડળનું વિસ્તરણ, ૨૬માંથી ૨૧ મંત્રીએ શપથ લીધા

### પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીને રાજ્યનાં નાયબ મુખ્યમંત્રી તરીકેની જવાબદારી

### અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાને કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની જવાબદારી

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં વર્ષ ૨૦૨૭માં આવનારી વિધાનસભાની ચૂંટણી પહેલા રાજકારણમાં મોટી ઉથલપાથલ થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. ગુરુવારે પહેલા જૂના તમામ મંત્રીઓ પાસેથી પહેલા રાજીનામું લઈ લેવાયું હતું અને શુક્રવારે નવા મંત્રીમંડળની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી સહિત ૨૬ નામોની યાદી જાહેર કરાઈ હતી. મુખ્યમંત્રીની નવી કેબિનેટમાં ૧૯ નવા

**અનુસંધાન પાના ૬ ઉપર**

# તમામ મંત્રીઓને કરવામાં આવી ખાતાની ફાળવણી

**મંત્રીઓને ખાતાની ફાળવણી કરવામાં આવી**

કનુ દેસાઈ-નાણા અને શહેરી વિકાસ

ઋષિકેશ પટેલ-એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ્સ, પંચાયત અને રુરલ હાઉસિંગ

જીતુ વાઘાણી- કૃષિ અને મત્યઉદ્યોગ

અર્જૂન મોઢવાડિયા-વન-પર્યાવરણ, સાયન્સ એન્ડ ટેકનોલોજી, ક્લાઈમેટ ચેન્જ

કુંવરજી બાવળીયા-રુરલ ડેવલપમેન્ટ,શ્રમ અને રોજગાર

પદ્યુમન વાજા-સામાજીક ન્યાય અને પ્રાથમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ અને પ્રોઢ શિક્ષણ

નરેશ પટેલ-આદિજાતી વિકાસ

રમણ સોલંકી-અન્ન અને નાગરિક પુરવઠો

**રાજ્ય કક્ષા સ્વતંત્ર હવાલો**

ઈશ્વર પટેલ-પાણી પુરવઠા, જળ સંપત્તિ વિભાગ

પ્રફુલ પાનસેરીયા-આરોગ્ય

મનિષા વકીલ- મહિલા અને બાળ વિકાસ

**રાજ્યકક્ષાના મંત્રીઓ**

કાંતિ અમૃતિયા-શ્રમ અને રોજગાર, રમેશ કટારા - કૃષિ

દર્શના વાઘેલા-શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ

પ્રવીણ માળી-વન અને પર્યાવરણ, ટ્રાન્સપોર્ટ

સ્વરૂપજી ઠાકોર-ખાદી ઉદ્યોગ અને રુરલ ઈન્ડસ્ટ્રી

જયરામ ગામીત-રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક

રિવાબા જાડેજા-પ્રાથમિક, સેકન્ડરી અને ઉચ્ચ શિક્ષણ

પી સી બરંડા-આદિજાતિ વિકાસ, અન્ન-નાગરિક પુરવઠો, ગ્રાહક બાબત

સંજય મહિડા-પંચાયત, રુરલ હાઉસિંગ અને મહેસુલ

કમલેશ પટેલ-નાણા, પોલીસ હાઉસિંગ,બોર્ડર સિક્યુરિટી અને નશાબંધી

ત્રિકમ છાગા-ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ

કૌશિક વેકરિયા-કાયદો અને ન્યાય, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, સંસદીય બાબતો, પરસોત્તમ સોલંકી-મત્સ્યઉદ્યોગ


















## અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠે આવેલ પિપાવાવ પોર્ટ ઉપર ''આતંકવાદી હુમલો''

# હથિયાર અને વિસ્ફોટકો સાથે ઘુસેલા ૦૩ આતંકવાદીઓ સામે જવાબી ઓપરેશનની મોકડ્રીલ યોજાઈ

ચેતક કમાન્ડો, SOG, QRT, સ્થાનિક પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડે આતંકવાદીઓને પકડીને બંધકોને છોડાવ્યા

મોકડ્રીલમાં સ્થાનિક આરોગ્ય, ફાયર, પીજીવીસીએલ અને પોર્ટનાં અધિકારીઓ જોડાયા

આવનાર આફતોને પહોંચી વળવા અને વાઈટલ પોઈન્ટ જગ્યાથી કમાન્ડોને વાકેફ થાય તે હેતુથી મોકડ્રીલ યોજાઈ

વિવિધ વિભાગોનાં આંતરિક સંકલન દ્વારા મોકડ્રીલ સફળતાપૂર્વક સંપન્ન



અમરેલી, તા. ૧૭

રાજયના મહત્વના વાઈટલ ઈન્સ્ટોલેશન પર ભવિષ્યમાં આતંકવાદી હુમલો થાય તો તે દરમ્યાન રાજયની પ્રથમ રીસ્પોંડર ટીમ તરીકે ચેતક કમાન્ડો ફોર્સના વળતા પ્રહારની જવાબદારી ધ્યાને રાખી આવનાર આફતોને પહોંચી વળવા અને વાઈટલ પોઈન્ટની જગ્યાથી ચેતક કમાન્ડો ફોર્સના અધિકારી, જવાનો વાકેફ થાય તે હેતુથી વાર્ષિક એકશન પ્લાન–૨૦૨૫ નક્કી કરવામાં આવેલ છે. આ એકશન પ્લાનના ત્રીજા કવાટરમાં પીપાવાવ પોર્ટ, અમરેલી ખાતે બુધવારે મોકડ્રીલ કરવામાં આવી હતી.

આ મોકડ્રીલ અંતર્ગત બપોરે ત્રણ વાગ્યા બાદ એપીએલ ટર્મિનલ પિપાવાવ પોર્ટ ખાતે ત્રણ આતંકવાદી વિસ્ફોટકો અને એકેફોર્ટી સેવન સાથે ઘૂસ્યા હોવાનો સંદેશ મળ્યો હતો. આતંકવાદી હુમલા અંગેની પ્રથમ જાણ પિપાવાવ સ્થિત મરીન પોલીસ સ્ટેશનને થતા તેમણે સંલગ્ન એજન્સીઓને જાણ કરી હતી. ત્યારબાદ અમરેલી ખાતેથી એસ.ઓ.જી, કયુ.આર.ટી, બોમ્બ ડિસ્પોઝલ સ્કોડ, સ્થાનિક પોલીસ સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી.

અમરેલી જિલ્લા પોલીસ વતી એ.એસ.પી. ધારી જયવીર ગઢવીએ ઈન્સિડન્ટ કમાન્ડર તરીકે મોરચો સંભાળ્યો હતો. તેમના માર્ગદર્શનમાં વિવિધ ટીમોએ આતંકવાદીઓએ કબજે કરેલા વિસ્તારને કોર્ડન કરી પ્રાથમિક કાર્યવાહી કરી હતી. દરમિયાન આતંકવાદીઓ દ્વારા ફેંકવામાં આવેલા ગ્રેનેડના હુમલામાં બે પોલીસકર્મી ઈજાગ્રસ્ત થયા હતા અને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા પ્રાથમિક સારવાર આપી અને આગળ ખસેડવામાં આવ્યા હતા.

ત્યારબાદ ગાંધીનગરથી અમદાવાદ થઈ અને વિમાન માર્ગે ચેતક કમાન્ડોની ટીમ દિવ એરપોર્ટ ખાતે પહોંચી હતી. સંઘપ્રદેશ દિવથી ચેતક કમાન્ડોની ટીમ મોટરમાર્ગે પિપાવવા ઉપર ખાતે આવી પહોંચતા તેમણે આગળનો મોરચો સંભાળ્યો હતો. ત્રણ કિલોમીટર સુધીની રેન્જમાં સ્નાઈપર ગન દ્વારા ટાર્ગેટને ઠાર કરી શકતી ટીમ સહિતના ચેતક કમાન્ડોએ ઈન્સિડન્ટ કમાન્ડરના માર્ગદર્શનમાં મરીન બિલ્ડીંગ કબજો કરેલા આતંકવાદીઓને જીવિત અથવા મૃત પકડવા માટે કાર્યવાહી શરૂ કરી હતી.

વધુમાં ત્રણ આતંકવાદીઓએ પોર્ટ વિસ્તારની બિલ્ડીંગમાં કાર્યરત ત્રણ કર્મચારીઓને બંધક બનાવી અને સરકાર પાસે રોકડ રૂપિયા તેમજ સલામત નીકળવા માટે હેલિકોપ્ટર સહિતની માંગણીઓ કરી હતી. સ્થાનિક વહીવટી તંત્ર વતી મામલતદાર રાજુલાએ આતંકવાદીઓ સાથે વાર્તાલાપ કરી અને માંગણીઓને પ્રશાસન સુધી પહોંચાડી રહ્યા હતા.

આ મોકડ્રીલ અંગે ચેતક કમાન્ડો ઓબ્ઝર્વર ડી.વાય.એસ.પી. ડી.વી. ગોહિલએ જણાવ્યું હતું કે, રાજયના ડી.જી.પી. અને ડી.જી.પી. એ.ટી.એસ.ની સૂચના અને માર્ગદર્શન અન્વયે રાજયના મહત્વના વાયટલ સ્થળો પર ચેતક કમાન્ડોની ટીમના સમન્વયથી આ પ્રકારની મોકડ્રીલનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સ્થાનિક ડિપાર્ટમેન્ટ અને પોલીસ સહિતની એજન્સીઓની તૈયારીઓ તેમજ આ પ્રકારની ઘટના ઘટે તો કેવી રીતે જવાબ કાર્યવાહી થઈ શકે તેની તૈયારીના ભાગરૂપે આ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

કુશળ નેતૃત્વ, મજબૂત ઈરાદા અને સફળ આયોજન થકી વિવિધ એજન્સીઓ તેમજ વિભાગોના આંતરિક સંકલન દ્વારા આતંકવાદીઓને ઠાર કરવામાં સફળતા મળી હતી. આ સાથે જ બંધક બનાવાયેલા કર્મચારીઓને મોકડ્રીલના અંતે રેસ્કયુ કરવામાં આવ્યા હતા.

આ મોકડ્રીલમાં અમરેલી જિલ્લા પોલીસની વિવિધ એજન્સી અને ટીમ, વહીવટી તંત્ર રાજુલાની ટીમ, આરોગ્ય, ફાયર, પી.જી.વી.સી.એલ., એ.પી.એલ. ટર્મિનલ પિપાવાવ પોર્ટના અધિકારી તેમજ કર્મચારીઓ જોડાયા હતા.

---

### મકાન માલીક બહારગામ ગયા હોય

## લાઠીનાં દુધાળા ગામે રહેણાંક મકાનમાંથી રૂપિયા ૩.૨૨ લાખનાં મુદ્દામાલની ચોરી

**સ્થાનિક પોલીસે તસ્કરની શોધખોળ આદરી**

અમરેલી, તા. ૧૭

લાઠી તાલુકાના દુધાળા ગામે રહેતા અને ખેતી કામ કરતાં ઘનશ્યામભાઈ રવજીભાઈ બોદર નામના પરવર્ષિય ખેડૂત ગત તા. ૨/૧૦ના રોજ સાંજના આશરે સાતેક વાગ્યે તેમનાં પત્નિ શારદાબેન સાથે સુરત ખાતે તેમને પગ દુઃખતો હોય જેથી બતાવવા ગયેલ હતા. અને પગનું ઓપરેશન કરાવેલ હતું. અને બાદમાં ડ્રેસીંગ કરવા માટે તેઓ તેમનાં દીકરાના ઘરે રોકાયેલ હતા. ત્યારે ગત તા. ૨ના સાંજના સાતેક વાગ્યાથી તા. ૧૫ના બપોરના આશરે ત્રણેક વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ ખેડૂતના ઘરમાં પ્રવેશ કરી રૂમના દરવાજાના નકુચા તોડી રૂમમાં રહેલ તિજોરી ખોલી તિજોરીમાં રાખેલા રોકડા રૂા. ૨,૧૭,૦૦૦ તથા એક સોનાનો દોરો કિંમત રૂપિયા ૮૦,૦૦૦ સોનાની વિંટી નંગ ૨ કિમત ૧૫,૦૦૦ તથા ચાંદિનો કમરે બાંધવાનો કંદોરો તથા જુડો આશરે રૂપિયા ૫૦૦૦, ત્રણ કાંડા ઘડીયાળ કીમત રૂપિયા ૫૦૦૦ મળી કુલ રૂપિયા ૩,૨૨,૦૦૦ના મુદામાલ તેમજ એસ.બી.આઈ બેંકના લોકરની ચાવી કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

---

### દેશની સૌથી મોટી સહકારી સંસ્થા

## ઈફ્કોનાં કર્મચારીઓનું ન્યુનતમ વેતન રૂપિયા ૨૦ હજાર કરવાનો નિર્ણય

**ચેરમેન દિલીપ સંઘાણીએ કર્યુ ઉમદાકાર્ય**



અમરેલી, તા. ૧૭

દિવાળીના શુભ અવસરે ભારતીય કૃષિ સહકારી ખાતર નિર્માણ સંસ્થા (ઈફકો) તરફથી અત્યંત મહત્વપુર્ણ અને આનંદાયક જાહેરાત ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાએલ નિર્દેશક મંડળ ની બેઠકમાં ઐતિહાસીક નિર્ણય સાથે ઈફકોના કર્મચારીઓનું ન્યુનતમ વેતન પ્રતિ માસ રૂા.૨૦,૦૦૦/– ચુકવવાનું નિર્ણય લેવામાં આવેલ છે જેની અમલવારી ૧ નવેમ્બર ૨૦૨૫થી શરૂ થશે તે અંગેની જાહેરાત કરવામાં આવતા કર્મચારી પરિવારમાં દિવાળીનો ઉજાસ પથરાયેલ છે.

આ તકે દિલીપ સંઘાણીએ વધુમાં જણાવેલ કે, સહકારના માધ્યમથી ખેતિ અને ખેડુતની સાથોસાથ કર્મચારીઓના જીવનમાં પણ સ્થિરતા અને આર્થિક સમૃધ્ધી લાવવાનો અમારો સંકલ્પ છે આ પગલુ સહકારીતા માનવતાવાદી મુલ્યોને મજબુત બનાવે છે વેતન વધારા માટે ઈફકો દ્વારા ૧૪૦ કરોડથી પણ વધુ નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે. વેતન વધારાના નિર્ણયથી ઈફકો પરિવારના તમામ સભ્યોએ દિલીપ સંઘાણી પ્રત્યે આભાર વ્યકત કરી સંસ્થાના ઉત્કર્ષ માટે જોમ અને જુસ્સા સાથે કાર્ય કરવાનો સંકલ્પ કર્યો હતો. અત્રે ઉલેખ્ખનીય છે કે, દેશમાં દિવાળીનું પર્વ ઉજવાઈ રહયુ છે તેવા સમયે ઈફકોના નિર્ણયથી હજારો કર્મચારી પરિવારમાં ખુશી અને આનંદ છવાયો છે જે નોંધનીય બાબત છે. તેમ અખબારી યાદીમાં જણાવાયુ છે.

---

## બાબરા ભાજપનાં આગેવાનોએ કૌશિક વેકરિયાને શુભેચ્છા પાઠવી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૭

રાજય સરકાર દ્વારા મંત્રી મંડળનું વિસ્તરણ કરવામાં આવતા અમરેલી જિલ્લાના ધારાસભ્ય અને મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયાને પ્રમોશન થતા રાજય કક્ષાના મંત્રી તરીકે શપથ લેતા સમગ્ર અમરેલી જીલ્લામાં ભાજપના અગ્રણીઓમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ હતી.

બાબરા શહેર અને તાલુકા ભાજપના અગ્રણીઓ દ્વારા ગાંધીનગર ખાતે શપથ સમારોહમાં ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અનિભાઈ મકવાણા, ભુપતભાઈ બસિયા, તાલુકા ભાજપના પ્રમુખ હિતેશભાઈ કલકાણી, પૂર્વ પ્રમુખ અશોકભાઈ રાખોળિયા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, મહામંત્રી રમેશભાઈ સાંગડિયા, અજિતભાઈ ખોખરીયા દ્વારા ગાંધીનગર ખાતે રાજય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરિયાને રૂબરૂ મળી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ સિવાય નગરપાલિકા પૂર્વપ્રમુખ લલિતભાઈ આંબલિયા, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, મહામંત્રી કપિલભાઈ ચોવટિયા, શહેર ભાજપ મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, અનિલભાઈ ખાદી સહિતના અગ્રણીઓ દ્વારા પણ હર્ષની લાગણી વ્યક કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

---

### સમગ્ર વિસ્તારની જનતામાં ખુશીનો માહોલ

## વડિયા ખાતે ધારાસભ્ય કૌશિક વેકરિયાનો પ્રધાન મંડળમાં સમાવેશ થતાં આતશબાજી

**ભાજપનાં કાર્યકર્તાઓએ મોં મીઠા કર્યા**



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૧૭

ગુજરાત સરકારના મંત્રીમંડળનુ વિસ્તરણ થતા નવા મંત્રી મંડળની રચનામાં અમરેલીના યુવા ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાને પ્રમોશન આપી રાજય સરકારના રાજયકક્ષાના મંત્રી તરીકે નિમણૂંક થતા સમગ્ર અમરેલી જિલ્લામાં જાણે એક નવી ઉર્જા આવી હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. ત્યારે વડિયાના શિવાજી ચોક ખાતે ભાજપ કાર્યકર્તાઓ દ્વારા એકત્રિત થઈને આતિશબાજી કરી ધારાસભ્યના મંત્રી પદને આવકાર્યુ હતું. સાથે ઉપસ્થિત તમામ લોકોને પેંડા ખવડાવીને મોં મીઠા કરાવી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તુષારભાઈ ગણાત્રા, નિલેશભાઈ પરમાર, ચેતનભાઈ દાફડા, લક્ષ્મણભાઈ ભુવા સહિત મોટી સંખ્યામાં ભાજપ કાર્યકર્તાઓ જોડાયા હતા. અને ઉજવણી કરાઈ હતી.














જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

# બાબરામાં પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરના અધ્યક્ષ સ્થાને વિકાસ સપ્તાહની ઉજવણી






બાબરામાં નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરના અધ્યક્ષ સ્થાને વિકાસ સપ્તાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અનિભાઈ મકવાણા, ચીફ ઓફિસર રવીકુમાર વેકરિયા સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા નગરપાલિકા દ્વારા આયોજિત વિકાસ સપ્તાહ સર્વરોગ નિદાન કેમ્પ, જેમાં તમામ સફાઈ કર્મચારીઓ અને પાલિકા સ્ટાફનું આરોગ્યનું નિદાન કરવામાં આવ્યું હતું આર આર આર સેન્ટર કલેકશન એક્ટિવિટી, ચેક વિતરણ જેમાં રાજય સરકારની વિવિધ યોજના હેઠળ સફાઈ કર્મચારીઓને સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા જાહેર માર્ગોમાં પેંટીંગ, સ્વચ્છતા રેલી, આંગણવાડીમાં મુલાકાત અને પોષણયુકત આહારનું વિતરણ અને વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં પાણીના સમ્પ હાઉસ ખાતે ૩૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું

### તાલુકા અમલીકરણ સમિતિ દ્વારા

## બાબરા ખાતે કૃષિ વિકાસ દિન અંતર્ગત રવિકૃષિ મહોત્સવ યોજાયો

### તાલુકા કક્ષાએ સેવાસેતુ અને પશુ આરોગ્ય કેમ્પ યોજાયો

બાબરા, તા. ૧૭

આ સાથે તાલુકાકક્ષાએ સેવા સેતુ અને પશુ આરોગ્ય કેમ્પ પણ યોજવામાં આવેલ.

આ રવિ કૃષિ મહોત્સવ–૨૦૨૫નો ખેડૂતોને મહત્તમ લાભ થાય તે દિશામાં તાલુકા અમલીકરણ સમિતિ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

ખેડૂતો કૃષિ લક્ષી નવીન જ્ઞાન પ્રાપ્ત કરે તે પ્રકારના કૃષિ વૈજ્ઞાનિકો તેમજ મંચસ્થ મહાનુભાવો દ્વારા વ્યાખ્યાન આપવામાં આવશે, સાથે જ ખેડૂતો કૃષિલક્ષી ટેકનોલોજી રૂબરૂ નિહાળી અને અનુભવી શકે તે પ્રકારનું કુલ ૨૫ જેટલા વિવિધ સ્ટોલ્સના મારફતે પ્રદર્શન ઉભુ કરવામાં આવેલ.

સ્થાનિક ખેતી પેદાશોને લક્ષ્યમાં રાખી તાલુકાકક્ષાએ કૃષિ મેળામાં કૃષિ પાકોનું મૂલ્યવર્ધન અને તેના પ્રોસેસિંગ માટે પણ ખેડૂતોને જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે આયોજન કરવામાં આવેલ.

બે દિવસીય આ કૃષિ મેળામાં ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો વચ્ચે ખેતી ખર્ચના ઘટાડા માટે ઈનપુટસના કાર્યક્ષમ




ઉપયોગ અને પ્રાકૃતિક ખેતી દ્વારા ઓર્ગેનિક કાર્બનના વધારવા અંગેના વિષયો ઉપર વકતવ્યની સાથે પ્રશ્નોત્તરી કરવામાં આવશે. ઉપરાંત પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની સુખપુર પણ ખેડૂતોની મુલાકાત ગોઠવવામાં આવેલ.

રાજયના ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન આપવા સારૂ તા.૧૪ અને ૧૫ ઓક્ટોબર –૨૦૨૫ બે દિવસ રવિ કૃષિ મહોત્સવમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા પરિસંવાદ, પશુ ચિકિત્સકો દ્વારા પશુ આરોગ્ય મેળા, સહકાર વિભાગ દ્વારા સહાયકારી યોજનાઓ વિશે વકતવ્ય, આત્મા પ્રોજેકટ દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતો દ્વારા માહિતીનું આદાન– પ્રદાન, બાગાયત, ડ્રોન ટેકનોલોજી, FPO, જી.જી.આર.સી., KCCના સ્ટોલ તથા જી.એસ.એફ.સી., ઈફકો, ક્રિભકો, ટ્રેકટર, ફાર્મ મિકેનાઈઝેશન, જી.એન.એફ.સી., દ્વારા જૈવિક ખાતરના સ્ટોલના નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

રવિ કૃષિ મહોત્સવની સાથે સાથે ખેડૂતો માટે આરોગ્યનો હેલ્થ ચેકઅપ રાખવામાં આવેલ.

તેમજ રાજય કક્ષાના કાર્યક્રમનું પ્રવચન લાઈવ નિહાળી શકાય તે માટે દરેક કાર્યક્રમના સ્થળોએ LED SCREENની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ કાર્યક્રમના સ્થળેથી ખેડૂતોને મંજુરી પત્રોનું/સહાય વિતરણ કરવામાં આવેલ.

બાબરા તાલુકાના દરેક ખેડૂત ભાઈઓ અને બહેનોને, પશુપાલકો દ્વારા કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ભાગ લેવામાં આવેલ.

સંકુલ – નૂતનવર્ષ સ્નેહમિલન કાર્યક્રમ – નિમંત્રણ
★ સંકુલનાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ–સ્ટુડન્ટ્સ–પેરન્ટ્સ અને શુભેચ્છકશ્રીઓને નુતન વર્ષનાં સ્નેહમિલનમાં પધારવા હાર્દિક નિમંત્રણ છે.
તારીખઃ– ૨૨/૧૦/૨૦૨૫ બુધવાર સમયઃ– સાંજનાં ૦૪:૩૦ થી ૦૫:૩૦
KG થી PG સ્કૂલ–કોલેજ–હોસ્ટેલ – દિવાળી વેકેશન નવા પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી. -Ad 137

### વિકાસ સપ્તાહ અંતર્ગત

## બાબરાનાં ખાખરીયા ગામે નવા બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું

### ધારાસભ્ય તળાવીયાની જહેમત રંગ લાવી

અમરેલી, તા. ૧૭

રાજયસરકારના માર્ગદર્શન હેઠળ યોજાયેલ વિકાસ સપ્તાહ–૨૦૨૫ની ઉજવણી અંતર્ગત બાબરા તાલુકાના ખાખરીયા ગામે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાઠી–બાબરા વિધાનસભાના ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે રૂા. ૧.૨૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલ નવા બ્રિજના કાર્યનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ બ્રિજના નિર્માણથી ખાખરીયા સહિત આસપાસના ગામો માટે મહત્વપૂર્ણ માર્ગ જોડાણો વધુ સુગમ બનશે. ખાસ કરીને વરસાદી સમયે ખેડૂતો અને સામાન્ય જનતાને થયેલી અસમયની અવરજવરને દુર કરવા માટે આ બ્રિજ જીવનદાયી બની રહેશે. અગાઉ વરસાદ પડતાજ ગામ માટેનાં મુખ્ય માર્ગ પર અવરોધ ઊભી થતો જેને આ વિકાસ કાર્ય દુર કરશે.

ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે "સરકાર દ્વારા ગ્રામણી વિસ્તારોના ધોરણે ઈન્ફ્રાસ્ટ્રકચર સુધારવાનું મહત્વપૂર્ણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આજનો દિવસ ખાખરીયા ગામ માટે ઈતિહાસિક છે. ગામના સહયોગ અને સરકારના સંકલ્પથી આવનાર સમયમાં તાલુકાના દરેક ખૂણામાં વિકાસના ચેરો પહોચશે."



તેમણે ગ્રામજનોને વિશ્વાસ આપ્યો કે જે વિસ્તારો સુધી હજુ વિકાસના પ્રવાહ ન પહોંચ્યા હોય, ત્યા સુધી પણ કામગીરી પહોંચાડવા માટે તેઓ કટિબધ્ધ છે.

આ અવસરે જિલ્લા પંચાયતના સદસ્યઓ, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયતના પ્રમુખ, તાલુકા ભાજપના પ્રમુખ, તાલુકા ભાજપના મહામંત્રી, તાલુકા પંચાયતના સભ્યઓ, ગામના સરપંચ, સ્થાનિક આગેવાનો, કાર્યકર્તાઓ, વડીલો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. લોકોએ હર્ષઊમટાવી ધારાસભ્યની કામગીરી અને સરકારના વિકાસ અભિયાન માટે આભાર વ્યકત કર્યો હતો.

આ બ્રિજ માત્ર ભૌતિક સુવિધા નથી પણ એક નવા આશાવાદી યાત્રા માર્ગની શરૂઆત છે. –જયાં ગ્રામજનો હવે વધુ સુરક્ષિત, ઝડપભર્યુ અને સુગમ જીવન જીવી શકે.

"અમરેલી એક્સપ્રેસ"
અમરેલી શહેરમાં આપને "અમરેલી એક્સપ્રેસ" દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

પાના ૧ ઉપરનું ચાલું

## ગુજરાત મંત્રીમંડળનું વિસ્તરણ

ચહેરાનો સમાવેશ કરાયો છે. જ્યારે ૬ મંત્રીઓને રિપીટ કરાયા છે. જ્યારે ૧૦ મંત્રીઓના પત્તા કાપી દેવાયા છે. મંત્રીમંડળના ૨૬ સભ્યોમાંથી ૨૧એ શપથ લીધા હતા. શુક્રવારે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રાજયપાલ આચાર્ય દેવવ્રતએ તેમને મંત્રીપદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ઋષિકેશ પટેલ, કુંવરજી બાવળિયા, પરસોતમ સોલંકી અને કનુભાઈ દેસાઈએ શપથ લીધા નહોંતા. નવા મંત્રીમંડળમાં યુવાનોને અગ્રતા આપવાની ભારતીય જનતા પાર્ટીની નીતિ સ્પષ્ટ દેખાઈ આવી છે. સૌથી મહત્વની જાહેરાત તરીકે, મજૂરાના ધારાસભ્ય અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. સંઘવીએ સૌથી પહેલી શપથ લીધા હતા. તેમની નિમણૂક પક્ષમાં યુવા નેતૃત્વને પ્રોત્સાહન આપવા અને તેમના અગાઉના કાર્યકાળના પ્રદર્શનનું પરિણામ માનવામાં આવે છે.

મંત્રીઓની પસંદગી ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના પ્રતિનિધિત્વને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. નવા મંત્રીમંડળમાં ૮ ઓબીસી, ૪ પાટીદાર, ૪ એસટી અને ૩ એસસી નેતાઓને સ્થાન મળ્યું છે. આ મંત્રીમંડળમાં ત્રણ મહિલાઓનો પણ સમાવેશ કરાયો છે.

નવા મંત્રીમંડળમાં કોનો-કોનો સમાવેશ કરાયો : નવા મંત્રીમંડળમાં ભૂપેન્દ્ર પટેલ સહિત જે ૨૬ મંત્રીઓનો સમાવેશ કરાયો છે, તેમાં હર્ષ સંઘવી નાયબ મુખ્યમંત્રી પદે શપથ લીધા હતા. જયારે ઋષિકેશ પટેલ, જીતુ વાઘાણી, કનુભાઈ દેસાઈ, કુંવરજી બાવળિયા, નરેશ પટેલ, અર્જુન મોઢવાડિયા, પ્રદ્યુમન વાજા, રમણ સોલંકીને કેબિનેટ મંત્રી બનાવાયા છે. તેમજ ઈશ્વર પટેલ, પ્રફુલ પાનસેરીયા, મનિષા વકીલને રાજ્ય કક્ષાનો સ્વતંત્ર હવાલો અપાયો છે. કાંતિ અમૃતિયા, રમેશ કટારા, દર્શના વાઘેલા, પ્રવીણ માલી, સ્વરૂપ ઠાકોર, જયરામ ગામીત, રિવાબા જાડેજા પીસી બરંડા, સંજય મહિડા, કમલેશ પટેલ, ત્રિકમ છાંગા અને કૌશિક વેકરિયાને રાજ્ય કક્ષાના મંત્રીઓનું પદ અપાયું છે.

કોનું પત્તું કપાયું : જૂના મંત્રીઓમાંથી બળવંતસિંહ રાજપૂત, રાઘવજી પટેલ, ભાનુબેન બાબરિયા, મૂળી બેરા, કુબેર ડિંડોર, જગદીશ વિશ્વકર્મા, મુકેશ પટેલ, ભીખુસિંહ પરમાર, બચુ ખાબડ, કુંવરજી હળપતિનું પત્તું કપાયું છે.

કોને રિપીટ કરાયા : જૂના મંત્રીઓમાંથી હર્ષ સંઘવી, કનુ દેસાઈ, ઋષિકેશ પટેલ, કુંવરજી બાવળિયા, પ્રફુલ પાનશેરિયા, પરસોત્તમ સોલંકીને રિપીટ કરાયા છે.

આ શપથગ્રહણ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા, ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સહિત ભાજપના તમામ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નવા મંત્રી મંડળના વિસ્તરણને લઈને અમરેલી જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. લાંબા સમયથી અમરેલી જિલ્લાને મંત્રીમંડળમાં સ્થાન મળશે કે કેમ તેની અટકળોનો અંત આવ્યો છે. અમરેલી જિલ્લાના ધારાસભ્યો પૈકી કોઈ એકને મંત્રી પદ મળે તેવી પ્રબળ સંભાવના વચ્ચે અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાને મંત્રીમંડળમાં સ્થાન મળતા અમરેલીમાં ભાજપના કાર્યકરો ખુશખુશાલ જોવા મળ્યા હતા. કૌશિક વેકરિયાના કાર્યાલય કર્તવ્યમ પર કાર્યકરોએ આતશબાજી કરી ખુશી વ્યક્ત કરી હતી.

મંત્રીમંડળમાં અનેક જૂના મંત્રીઓને ફરી તક છે, જેમને નવા ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે , જેનાથી મંત્રીમંડળનું કદ વધ્યું છે. કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા કેટલાક ધારાસભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. નાયબ મુખ્યમંત્રી બનાવવાની પણ ચર્ચા ચાલી રહી છે. જો કે આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરાઈ નથી. સરકારના આ મોટા ફેરફારને આગામી મહત્ત્વપૂર્ણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીઓ પહેલાં પક્ષના સંગઠન અને શાસનમાં નવી ઊર્જા અને નવા ચહેરાને તક આપવાની વ્યૂહરચનાના ભાગ રૂપે જોવામાં આવે છે. આ પગલું સત્તાવિરોધી લહેરને ઘટાડવા અને જ્ઞાતિ તથા પ્રાદેશિક સંતુલનને જાળવવા માટે ભાજપ હાઈકમાન્ડ દ્વારા લેવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે.

નોંધનીય છે કે, આ શપથવિધિ સમારોહ પહેલા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં રાજભવનમાં આજે રાજયપાલ આચાર્ય દેવવ્રતજી સાથે મુલાકાત લીધી હતી. આ દરમિયાન મુખ્યમંત્રીએ ગુજરાતના મંત્રી મંડળની વર્તમાન સ્થિતિ અંગે રાજયપાલને માહિતગાર કર્યા હતા. તેમજ રાજયપાલ પાસેથી મંત્રી મંડળના સભ્યોની શપથવિધિ યોજવા મંજૂરી માંગી હતી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૧ | ૧૦૧૬ |
| ૨ | ગીરનાર શીંગ | ૮૧૪ | ૧૦૪૨ |
| ૩ | શિંગ મોટી | ૬૦૦ | ૧૧૩૦ |
| ૪ | શિંગદાણા | ૯૦૦ | ૧૦૧૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૯૦૧ | ૧૧૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૧૪૦ | ૨૫૭૦ |
| ૭ | તલ કાળા | ૨૫૦૦ | ૪૬૭૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૮૦૦ | ૨૨૫૦ |
| ૯ | બાજરો | ૩૨૪ | ૩૬૨ |
| ૧૦ | જુવાર | ૫૫૧ | ૬૦૧ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૬૮ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૯૧ | ૫૮૦ |
| ૧૩ | મકાઈ | ૩૧૧ | ૩૧૧ |
| ૧૪ | મગ | ૧૦૮૦ | ૧૨૩૦ |
| ૧૫ | અડદ | ૭૮૦ | ૧૩૪૫ |
| ૧૬ | ચણા | ૭૭૦ | ૧૦૭૫ |
| ૧૭ | સફેદ ચણા | ૭૫૫ | ૧૨૧૦ |
| ૧૮ | ચોળી | ૩૭૦ | ૧૦૨૫ |
| ૧૯ | તુવેર | ૧૦૮૦ | ૧૨૦૦ |
| ૨૦ | કપાસ | ૮૫૦ | ૧૫૧૧ |
| ૨૧ | એરંડા | ૧૧૫૦ | ૧૨૫૩ |
| ૨૨ | જીરૂ | ૨૦૦૦ | ૩૨૭૦ |
| ૨૩ | ધાણા | ૧૦૦૦ | ૧૨૬૫ |
| ૨૪ | મેથી | ૭૨૦ | ૮૫૦ |
| ૨૫ | સોયાબીન | ૫૫૫ | ૮૫૩ |
| ૨૬ | રજકાનું બી | ૫૭૦૦ | ૮૨૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૨૦૦ | ૧૪૮૫ |
| ૨ | કપાસ કોડી | ૭૬૫ | ૧૧૮૫ |
| ૩ | મગફળી | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૪ | ચણા | ૮૦૦ | ૮૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૬૫૧ | ૧૬૫૧ |
| ૬ | સોયાબીન | ૭૦૦ | ૭૦૦ |
| ૭ | જીરૂ | ૨૫૦૦ | ૨૫૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૦૦ | ૧૦૬૧ |
| ૨ | શીંગ મોટી | ૮૫૦ | ૧૨૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૦૫ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૪૧૬૧ |
| ૫ | જીરૂ | ૩૦૦૦ | ૩૪૦૫ |
| ૬ | કપાસ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૧૦ | ૫૪૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૦૦ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૪૫૧ |
| ૧૦ | અડદ | ૭૫૦ | ૧૨૬૯ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૧૦૧ |
| ૧૨ | તુવેર | ૭૫૦ | ૧૧૦૦ |
| ૧૩ | મેથી | ૮૪૦ | – |
| ૧૪ | રાય/રાયડો | ૭૯૦ | – |
| ૧૫ | સોયાબીન | ૭૦૦ | ૮૩૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૨૭૦ | ૧૫૫૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૫૦ | ૧૨૬૦ |
| ૩ | મગફળી | ૮૧૫ | ૧૦૧૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૩૦ | ૧૮૨૦ |
| ૫ | તલ કાળા | ૨૫૩૫ | ૩૯૮૫ |
| ૬ | જીરૂ | ૨૯૮૦ | ૩૨૮૦ |
| ૭ | ઘઉં | ૪૫૯ | ૫૬૧ |
| ૮ | અડદ | ૮૮૦ | ૧૨૧૦ |
| ૯ | મગ | ૧૨૪૫ | ૧૫૨૫ |
| ૧૦ | ચણા | ૯૪૦ | ૧૦૩૦ |
| ૧૧ | સોયાબીન | ૭૫૯ | ૮૧૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૦ | ૧૪૫૬ |
| ૨ | કપાસ કોડી | ૯૮૦ | ૧૧૩૫ |
| ૩ | મગફળી | ૫૦૦ | ૯૦૬ |
| ૪ | ઘઉં | ૪૮૯ | ૪૯૦ |
| ૫ | ચણા | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૬ | અડદ | ૯૧૧ | ૯૧૧ |
| ૭ | શીંગ દાણા | ૧૧૦૬ | ૧૧૦૬ |
| ૮ | મકાઈ | ૪૦૧ | ૪૦૧ |
| ૯ | સોયાબીન | ૭૬૦ | ૭૬૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૧ |
| ૨ | ઘઉં લોકવન | ૫૩૦ | ૫૩૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૨ |
| ૪ | ચણા | ૯૫૧ | ૧૧૦૨ |
| ૫ | ચણા સફેદ | ૯૯૫ | ૧૯૫૧ |
| ૬ | ધાણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૭ | જુવાર | ૩૯૫ | ૪૦૫ |
| ૮ | એરંડી | ૧૦૯૦ | ૧૧૦૦ |
| ૯ | સોયાબીન | ૬૫૦ | ૮૧૧ |
| ૧૦ | તલ | ૧૭૫૫ | ૧૮૭૧ |
| ૧૧ | મગફળી | ૫૧૦ | ૮૧૫ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૪ | ૧૫૧૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૫૫ | ૧૦૮૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૧ | ૮૯૧ |
| ૨ | તલ સફેદ | ૧૪૦૧ | ૧૮૩૫ |
| ૩ | તલ કાળા | ૩૩૦૧ | ૩૫૦૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૫ | બાજરો | ૩૭૬ | ૬૧૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૬૩૧ | ૬૩૧ |
| ૭ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૮ | ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | જીરૂ | ૩૧૫૦ | ૩૧૫૦ |
| ૧૦ | ધાણા | ૭૦૦ | ૭૦૦ |

### ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા આયોજિત

# અમરેલીનાં મેદસ્વિતા નિવારણ કેમ્પમાં યોગ સાધકોએ ૩૦ દિવસમાં ૧.૫ થી ૮ કિલો સુધી વજન ઉતાર્યુ

## કેમ્પમાં જીવનશૈલીને લગતી સમસ્યામાં રાહત અનુભવતા શહેરીજનો



અમરેલી, તા. ૧૭

જીવનશૈલીને સ્વસ્થ બનાવવા માટે મેદસ્વિતા નિવારણ જરૂરી છે. પ્રાચીનકાળથી યોગ મન અને શરીર વચ્ચે સંતુલન જાળવી, સ્વસ્થ જીવનશૈલી આપનારૂ અભિન્ન અંગ છે. યોગને નિત્યક્રમમાં અપનાવવાથી સકારાત્મક પરિણામો મળે છે. અમરેલીમાં યોગ સાધકોએ ૩૦ દિવસીય કેમ્પમાં યોગના કારણે મેદસ્વિતા, જટીલદુઃખાવામાંરાહત મેળવી છે. શુક્રવારે સમાપન થયેલા ૩૦ દિવસયી 'મેદસ્વિતા નિવારણ કેમ્પ'માં અમરેલીવાસીઓએ ૧.૫ કિલોથી ૭ કિલો સુધી વજન ઘટાડવાની સફળતા મેળવી છે. યોગ સાધકોએ પોતે આ અંગે પ્રતિભાવો આપીયોગનેનિત્યજીવનનોભાગબનાવવા માટે અપીલ કરી છે.

આ અંગે માહિતી આપતા ગુજરાત રાજય યોગ બોર્ડના જિલ્લા કો-ઓર્ડિનેટર સાગરભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસથી ગુજરાત રાજય યોગ બોર્ડના માધ્યમથી ૩૦ દિવસીય ' મેદસ્વિતા નિવારણ કેમ્પ'નુંઆયોજન કર્યુ હતું. આ કેમ્પમાં અમરેલી શહેરના ગાંધીબાગ ખાતે પ્રતિદિન ૧.૩૦ કલાકના યોગ સેશનમાં ૧૦૦ વ્યકિતઓએ યોગ અભ્યાસ કર્યો હતો. કેમ્પના અંતે સે સહભાગીઓને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કેમ્પમાં ભાગ લેનારા મનિષાબેને જણાવ્યું હતું કે, મેં આ કેમ્પમાં ૭.૫ કિલો જેટલું વજન ઘટાડયું છે. આ કેમ્પમાં મને ખૂબ ફાયદો થયો છે. કેમ્પના વધુ એક સહભાગી દિપ્તીબહેને જણાવ્યું હતું કે, હું એક મહિનાથી આ કેમ્પમાં આવું છું, મારૂ વજન ૫ કિલો ઘટડયું છે પ્રાણાયામ સહિતની ક્રિયાઓ દ્વારા પગના દુઃખાવો દૂર થયો છે. આ કેમ્પના અભ્યાસ અંગે માહિતી આપતા મહેતાએ વધુમાં જણાવ્યું હતુંકે, સૂર્યનસ્કાર, સુક્ષ્મક્રિયા, સ્થૂળ ક્રિયા, સુક્ષ્મ વ્યાયામ, પ્રાકૃતિક આહાર, પ્રાણાયામ, વિવિધ આસન અને આયુર્વેદિક ઉકાળા વગેરે દ્વારા લવચીકતા, સંતુલન અને તુંદરસ્તી વધારવા માટે સાધકોને સહાયતા મળી છે.

આ કેમ્પમાં ગુજરાત રાજય યોગ બોર્ડ વતી સંચાલક અને સહ સંચાલક તરીકે નિકિતાબહેન મહેતા, રીટાબેન કાનાબાર, શર્મિષ્ઠાબહેન રાવલ, કમલેશભાઈ રાવલે સેવા આપી હતી. કેમ્પ દરમિયાન અન્ય નિષ્ણાતો અને યોગ સાધકોએ પણ કેમ્પના સહભાગીઓને પ્રેરણા આપી હતી.

મહેતાએ જણાવ્યું કે, આ કેમ્પની સફળતાને ધ્યાને રાખતા આગામી ૧૦ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર દરમિયાન વધુ એક ૩ દિવસીય કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે. કેમ્પનો લાભ વધુમાં વધુ યોગ સાધકોને લેવા માટે અપીલ કરૂ છું.

આ કેમ્પમાં ભાગ લેનારા શહેરીજનોનો આત્મવિસ વધ્યો, ઉર્જામાં વધારો થયો છે. કેમ્પના અંતે સૌએ રાજય સરકારનો આ પ્રકારના કેમ્પનું આયોજન કરવા બદલ આભાર વ્યકત કર્યો છે.

### ૧ હજારથી વધુ બાળકોને શિક્ષણ અને નિવાસની સુવિધા

# અમરેલી ખાતે જાણીતા ઉદ્યોગપતિ વસંતભાઈ ગજેરા દ્વારા ''વાત્સલ્ય ધામ''નુ નિર્માણ કરાશે

## કોઈપણ નાત-જાતનાં ભેદભાવ વગર બાળકોનો થશે ઉછેર



અમરેલી, તા. ૧૭

દિવાળીના પવિત્ર પ્રસંગે, જયારે દરેક ઘર દીપપ્રજવલિત થતું હોય છે, ત્યારે અમરેલીને એક અનોખી ભેટ મળી રહી છે, વસંતભાઈ ગજેરા દ્વારા રચાતું ''વાત્સલ્ય ધામ'' જયાં નિરાધાર બાળકોને મળશે રહેવા, ભણવા, જમવા સાથે જીવવાના આનંદ સાથેની વાત્સલ્યભીની દુનિયા. ''વાત્સલ્ય ધામ''એ માત્ર એક ઈમારત નહીં, પણ માનવતાનું જીવંત મંદિર બનશે.

અહીં એવા બાળકોને સ્થાન મળશે જેઓના માતા-પિતા નથી કે એક હોય છતાં તેમને સાચવતા નથી. આવા દરેક બાળકને ગજેરા પરિવાર પોતાના સંતાન સમાન પ્રેમ, સંભાળ અને શિક્ષણ સાથે ઉછેરશે.

અહીં ૧૦૦૦થી વધુ બાળકો માટે પૂર્ણ નિવાસ અને શિક્ષણની સુવિધા રહેશે, કોઈ પણ નાત જાતના ભેદભાવ વગર બાળકો માટે સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે, કોઈ પણ પ્રકારનું દાન લેવામાં નહીં આવે આ સંપૂર્ણ રીતે ગજેરા પરિવારની વ્યકિતગત જવાબદારી અને માનવતાનું પ્રતિબિંબ છે, બાળકો પોતાના પગભર થાય ત્યાં સુધી એમની દરેક જરૂરિયાત પરિવારની જેમ જ પૂરી કરવામાં આવશે.

વસંતભાઈ ગજેરાએ જણાવ્યું ''મારા ધર્મપત્ની સ્વર્ગસ્થ ચંપાબા ગજેરાનું સ્વપ્ન હતું કે સમાજમાં કોઈ બાળક અનાથ કે અશકત ન રહે. આજે તે સ્વપ્ને અમરેલીની પવિત્ર ધરતી પર સાકાર કરવાનું મને સૌભાગ્ય મળ્યું છે. આ બાળકો હવે મારા પરિવારનો ભાગ છે, અને જીવનભર હું એમની સાથે રહીશ.'' સુરત અને ઓડીસામાં કાર્યરત ''વાત્સલ્ય ધામ''ની જેમ જ, હવે અમરેલીમાં પણ આ દિવાળીથી આ નિર્માણ કાર્યની નવી શરૂઆત થવા જઈ રહી છે. જામનગરમાં પણ તેનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે.

અમરેલીના વતનપ્રેમી એ પહેલાથી જ બહેનો માટે પટેલ સંકુલ અને ગજેરા કેમ્પસ ''વિદ્યાસભા''માં હજારો વિદ્યાર્થીઓ પોતાની શ્રેષ્ઠ કારકિર્દી બનાવી રહ્યા છે તેમજ અમરેલી જનરલ હોસ્પિટલના સંચાલન દ્વારા આરોગ્યક્ષેત્રે અવિસ્મરણીય યોગદાન આપ્યું છે. હવે ''વાત્સલ્ય ધામ''ના સ્વરૂપે તેઓ સમાજને એક નવી દિશા અને નવો ઉદ્દેશ આપી રહ્યા છે.

આ દિવાળી અમરેલી માટે માત્ર તહેવાર નહીં, પણ અનેક નિરાધાર બાળકોના જીવનમાં પ્રકાશ અને પ્રેમનો નવો ઉત્સવ બની રહી છે. ''વાત્સલ્ય ધામ'' જયાં દરેક બાળકને મળશે ઘર, શિક્ષણ અને સ્નેહ સાથે જીવનનો નવો વળાંક.

# બગસરા પોલીસ સ્ટેશન દ્વારા રકતદાન કેમ્પ યોજાયો



બગસરા, તા. ૧૭

બગસરા સિવિલ હોસ્પિટલમાં સુરક્ષા સેતુ સોસાયટી અમરેલી જીલ્લા અંતર્ગત એસપી સંજય ખરાત સુચનાથી બગસરા પોલીસ સ્ટેશન દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બગસરા પોલીસ સ્ટેશનના પી.આઈ. ગીડા, પી.એસ.આઈ. ગઢવી સમગ્ર બગસરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ તેમજ બગસરા મામલતદાર ભીંડી, ડોઠુંમર, ધીરૂભાઈ કોટડીયા, અશોકભાઈ પંડયા વિગેરે હાજર રહ્યા હતા તેમજ આ કેમ્પમાં પર બ્લડ બોટલ એકત્ર કરવામાં આવી હતી.

# નવા મંત્રી મંડળને શુભેચ્છા પાઠવતા યુવા નેતા મનીષ સંઘાણી



અમરેલી, તા. ૧૭

નિર્ણાયક સરકાર અને મજબૂત સંગઠનના ગુજરાત સરકારના નવા મંત્રીઓ દ્વારા શપથ લેવામાં આવી હતી ત્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તેમજ કેબિનેટ મંત્રી, રાજય કક્ષાના મંત્રી, સ્વતંત્ર હવાલો અને તમામ રાજયકક્ષાના મંત્રીઓને શુભેચ્છા અભિનંદન પાઠવતા ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી દ્વારા જણાવ્યુ હતું કે નવા મંત્રી મંડળથી ગુજરાતના વિકાસમાં વધુ વેગ મળશે. જેવોના કાર્યકાળ દરમિયાન ગુજરાતની જનતા માટે ઐતિહાસિક નિર્ણય લઈ અને ભાજપાની ગુજરાત સરકાર શિખરો સર કરશે.

# સાવરકુંડલામાં કોંગી અગ્રણી ચંદ્રેશ રવાણીનાં નિવાસસ્થાને કોંગી નિરીક્ષકો



અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લા મત વિસ્તારના પૂર્વ સાસંદ સ્વ. નવીનભાઈ રવાણીના અને કોંગી અગ્રણી ચંદ્રેશભાઈ રવાણીનાં નિવાસસ્થાને સમિતિના નિરિક્ષક ભીખુભાઈ વારોતરીયાના પૂર્વ ધારાસભ્ય લલિતભાઈ વસોયા અને પ્રદેશ કોંગી મંત્રી દિનેશભાઈ મકવાણાએ શુભેચ્છા મુલાકાત થઈ હતી આ શુભેચ્છા મુલાકાતમાં આવનારી પાલિકા પંચાયતની ચુંટણી સંદર્ભે સંગઠન મજબૂત બનાવું અને સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં સિનિયર અને વફાદાર વ્યકિતઓને ઉમેદવાર બનાવવા તેવી ઊંડાણપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મહેશભાઈ મશરૂ, એડવોકેટ કિરીટભાઈ દવે, પરીક્ષિત શિયાળ, ઉસ્માનભાઈ પઠાણ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેશ દેવાણી, નાસીર ચૌહાણ વિગેરે કોંગ્રેસ અગ્રણીઓ હાજર રહ્યા હતા.

### પોલીસ સંભારણા દિવસ નિમિત્તે

# વડિયા સિવિલ હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

## ઈન્ચાર્જ પીઆઈ સહીત પોલીસ સ્ટાફ દ્વારા રક્તદાન કરાયુ





વડિયા, તા. ૧૭

સમગ્ર રાજયમાં પોલીસ સંભારણા દિવસ નિમિત્તે રકતદાન મહાદાન રૂપી સેવાકીયા પ્રવૃતિ રૂપી ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે વડિયામાં પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ ગાંગણા વડિયા સ્વામિનારાયણ મંદિરના સંતો મહંતો સહિતના મોટી સંખ્યામાં પોલીસ સ્ટાફ દ્વારા રકતદાન કરાયું હતું. આ રકતદાન કેમ્પમાં સ્થાનિક સામાજિક રાજકીય આગેવાનો પણ જોડાયા હતા અને રકતદાન મહાદાન રૂપી સેવાકીય પ્રવૃતિથી પોલીસ સંભારણા દિવસની ઉજવણી કરાઈ હતી.

વડિયા સરપંચ મનીષભાઈ ઢોલરીયા, તુષારભાઈ ગણાત્રા, પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરા, શૈલેષભાઈ ઠુંમર, અશ્વિનભાઈ મહેતા તેમજ તાલુકા ભરના સરપંચ ભાજપ કોંગ્રેસના આગેવાનો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી : મોંઘીબા મહિલા કોલેજની વિદ્યાર્થીનીનું NSS PRE RD કેમ્પ માટે સિલેકશન થયુ



અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ અમરેલી વિદ્યાર્થીની સરપદડીયા રાધિકા વિષ્ણુભાઈની NSS RD અમદાવાદ દ્વારા આયોજિત થનારા પશ્ચિમ ઝોન PRE RD કેમ્પમાં ભાગ લેવા માટે પસંદગી થયેલ છે, જે ગૌરવની વાત બાબત છે.

આ NSS PRE RD શિબિર તા. ૩૧ ઓકટોબરથી ૯ નવેમ્બર, ૨૦૨૫ દરમ્યાન પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાનાર છે. જેમાં આ વિદ્યાર્થીની ભાગ લેનાર છે.

આ ગૌરવ બદલ ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.જી.વી. વેલિયત, ટ્રસ્ટીઓ તથા સમગ્ર કોલેજ પરિવારે આ વિદ્યાર્થીનીની અનેરી સિધ્ધિને બિરદાવી તેને અભિનંદન તથા ઉજજવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. આ સિલેકશન NSS પ્રોગ્રામ ઓફિસર ડો. નિરૂપાબેન ટાંકની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. તેઓએ રાધિકાને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

### હર્ષ સંઘવી ગુજરાતના છઠ્ઠા ડેપ્યુટી સીએમ બન્યા છે

# હર્ષ સંઘવીને ભાજપે મોટું પ્રમોશન આપીને બનાવ્યા ગુજરાતના ડેપ્યુટી CM

## ગુજરાતમાં ભાજપે રાજ્ય મંત્રી તરીકે ગૃહ વિભાગ સંભાળી રહેલા હર્ષ સંઘવીને નવા ડેપ્યુટી સીએમ બનાવ્યા

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં ભાજપે ફરી એકવાર ડેપ્યુટી સીએમની ફોર્મ્યુલા પર પાછી ફરી છે. શુક્રવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના વિસ્તરણ અને ફેરબદલમાં સુરતથી આવતા હર્ષ સંઘવીનું મોટું પ્રમોશન આપ્યું. તેમને રાજયના નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. છેલ્લા ચાર વર્ષથી રાજ્યમાં કોઈ ડેપ્યુટી સીએમ નહોતું. હર્ષ સંઘવી અત્યાર સુધી ભૂપેન્દ્ર પટેલ સરકારમાં ગૃહ રાજ્ય મંત્રીની સાથે પરિવહન અને રમતગમત વિભાગ સ્વતંત્ર પ્રભાર તરીકે સંભાળી રહ્યા હતા. હવે તેમને મોટી પદોન્નતિ આપવામાં આવી છે. તેઓ ગુજરાતના છઠ્ઠા ડેપ્યુટી સીએમ બન્યા છે. આ પહેલા રાજયમાં નીતિન પટેલ અંતિમ ડેપ્યુટી સીએમ હતા.

૮ જાન્યુઆરી, ૧૯૮૫ના રોજ જન્મેલા હર્ષ સંઘવીની હાલની ઉંમર ૪૦ વર્ષ છે. હર્ષ સંઘવી અગાઉ ભાજપ યુવા મોર્ચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રહી ચૂક્યા છે. તેઓ ૨૦૧૨માં ચૂંટણી જીતીને પહેલીવાર ધારાસભ્ય બન્યા હતા. ત્યારથી સતત તેઓ સુરતની મજૂરા બેઠક પરથી ચૂંટણી જીતી રહ્યા છે. ગત ચૂંટણીઓમાં તેમણે આપના ઉમેદવાર અને પૂર્વ ભાજપ નેતા પીવીએસ શર્માને ૧.૧૬ લાખથી વધુ વોટોના અંતરથી હરાવ્યા હતા. હર્ષ સંઘવી અત્યાર સુધી ગુજરાતમાં રમતગમત, યુવા સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ, પરિવહન, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સુરક્ષા, જેલ, સરહદ સુરક્ષા (તમામ સ્વતંત્ર પ્રભાર), ગૃહ અને પોલીસ આવાસ, ઉદ્યોગ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્ય મંત્રી હતા.

હર્ષ સંઘવીએ ૧૫ વર્ષની ઉંમરે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. તેમના પિતા હીરાના વેપારી હતા. તેમના પિતાનું નામ રમેશ કુમાર સંઘવી અને માતાનું નામ દેવેન્દ્રબેન સંઘવી છે. સંઘવીએ ધોરણ નવ સુધી અભ્યાસ કર્યો છે. તેમની પત્નીનું નામ પ્રાચી છે, જે ગૃહિણી છે. હર્ષ સંઘવીને બે સંતાન છે. પુત્રનું નામ આરુષ અને પુત્રીનું નામ નિરવા છે.

હર્ષ સંઘવી રાજનેતા હોવાની સાથે હીરાના વેપારી પણ છે. જ્યારે તેમના પિતાનું નિધન થયું, ત્યારે ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પણ તેમના ઘરે પહોંચ્યા હતા. હર્ષ સંઘવી પાસે ૧૨.૩૨ કરોડની સંપત્તિ છે. જેમાં આભૂષણોની સાથે એક ટોયોટા ફોર્ચ્યુનર ગાડીનો સમાવેશ થાય છે. તેમની પત્નીનું ઘણી કંપનીઓમાં રોકાણ છે. જેનું કુલ મૂલ્ય છેલ્લા સોગંદનામા મુજબ રૂ.૧૦.૫૧ કરોડ છે. આ ઉપરાંત, તેમની પાસે ૫.૧૦ કરોડની સ્થાવર મિલકત છે. જેમાં તેમનું ઘર સામેલ છે.

### વસંતભાઈ મોવલિયા પરિવાર દ્વારા

# ટીંબી : શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલને રૂપિયા ૫૧ હજારનું અનુદાન

## ટ્રસ્ટ મંડળે દાતાનો આભાર માન્યો



ટીંબી, તા. ૧૭

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર) નાં દાતા નાનીકુંકાવાવ (જી.અમરેલી) નાં વતની અને અમરેલી જિલ્લાના વરિષ્ઠ આગેવાન અને ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી વસંતભાઈ મોવલિયા તરફથી તેમના પૂ. પિતા સ્વ. બાવાલાલદાદાની ઉતરક્રિયાના દિવસે સદ્ગતના આત્મકલ્યાણ અર્થે દર્દીનારાયણની સારવાર અર્થે સહભાગી થવાનાં શુભાશયથી એકાવન અજાર પુરા અનુદાનરૂપે અર્પણ કરેલ છે. સદ્ગત પૂ. બાવાલાલ દાદાની ઉતરક્રિયામાં તા. ૧૫/૧૦/૨૦૨૫ ના દિવસે ઉપપ્રમુખ- બી.એલ. રાજપરા એ ઉપસ્થિત રહી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી અને અનુદાન સ્વીકારેલ.

હોસ્પિટલ ટ્રસ્ટીમંડળે વસંતભાઈ મોવલિયા તથા તેમના પરિવારજનોનો હૃદયપૂર્વકનો આભાર વ્યકત કરેલ છે.

### સૌરાષ્ટ્ર-કચ્છનું વર્ચસ્વ

# ગુજરાત સરકારના મંત્રીમંડળનું જાતિગત અને પ્રાદેશિક સમીકરણ

## મંત્રીમંડળમાં ૧૯ નવા ચહેરાઓને તક મળી છે, જ્યારે ૬ જૂના જોગીઓને રિપીટ કરવામાં આવ્યા છે

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળના મંત્રીમંડળમાં કુલ ૨૬ નેતાઓને સ્થાન આપવામાં આવ્યું છે, જેમાં પ્રદેશિક અને જાતિગત સંતુલન જાળવવાનો પ્રયાસ સ્પષ્ટ દેખાય છે. મંત્રીમંડળમાં ૧૯ નવા ચહેરાઓને તક મળી છે, જ્યારે ૬ જૂના જોગીઓને રિપીટ કરવામાં આવ્યા છે. પ્રાદેશિક દૃષ્ટિએ જોઈએ તો મંત્રીમંડળમાં સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશનું વર્ચસ્વ જોવા મળે છે. સૌરાષ્ટ્ર-કચ્છમાંથી સૌથી વધુ ૯ નેતાઓને સ્થાન મળ્યું છે, જે મંત્રીમંડળમાં તેમનો દબદબો સૂચવે છે. આ પ્રદેશમાંથી ત્રિકમ છાંગા (અંજાર), કાંતિ અમૃતિયા (મોરબી), કુંવરજી બાવળીયા (જસદણ), રિવાબા જાડેજા (જામનગર ઉત્તર), અર્જુન મોઢવાડિયા (પોરબંદર), ડૉ. પ્રદ્યુમન વાજા (કોડિનાર), કૌશિક વેકરિયા (અમરેલી), પરશોત્તમ સોલંકી (ભાવનગર ગ્રામ્ય) અને જીતુ વાઘાણી(ભાવનગર પશ્ચિમ)ને સ્થાન મળ્યું છે.

જ્યારે દક્ષિણ ગુજરાતમાંથી ૬ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ઈશ્વર સિંહ પટેલ, પ્રફુલ્લ પાનસેરિયા, હર્ષ સંઘવી, જયરામ ગામીત, નરેશ પટેલ અને કનુ દેસાઈનો સમાવેશ થાય છે.

મધ્ય ગુજરાતમાંથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ (ઘાટલોડિયા) સહિત ૭ નેતાઓને સ્થાન આપવામાં આવ્યું છે, જે અન્ય પ્રદેશોની સરખામણીમાં વધુ છે. જેમાં દર્શનાબહેન વાઘેલા, કમલેશ પટેલ, જયસિંહ મહિડા, રમેશ કટારા, મનીષા વકીલ અને રમણ સોલંકી પણ સામેલ છે.

ઉત્તર ગુજરાતમાંથી ૪ નેતાઓને સ્થાન મળ્યું છે, જેમાં સ્વરુપજી ઠાકોર, પ્રવીણ માળી, ઋષિકેશ પટેલ અને પી.સી.બરંડાનો સમાવેશ થાય છે. નવા મંત્રીમંડળમાં પાટીદાર અને ઓ.બી.સીને પ્રાધાન્ય આપવમાં આવ્યું છે. મંત્રીમંડળમાં સામાજિક સંતુલન જાળવવા માટે વિવિધ જાતિઓને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. ઓ.બી.સી.માંથી સૌથી વધુ ૮ નેતાઓને સ્થાન આપીને ઓ.બી.સી. (અન્ય પછાત વર્ગ) મતદારોને વિશેષ મહત્ત્વ અપાયું છે. જયારે સત્તાધારી પક્ષના મુખ્ય આધારસ્તંભ ગણાતા પાટીદાર સમાજના ૭ નેતાઓને મંત્રીમંડળમાં સ્થાન મળ્યું છે. તો બીજી તરફ એસ.ટી. (અનુસૂચિત જનજાતિ) ૪ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે અને એસ.સી. (અનુસૂચિત જાતિ): ૩ નેતાઓને મંત્રીમંડળમાં સ્થાન મળ્યું છે. મંત્રીમંડળમાં ત્રણ મહિલાઓનો સમાવેશ કરીને મહિલા પ્રતિનિધિત્વની ગેરહાજરી નિવારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

જેમાં રિવાબા જાડેજા(જામનગર ઉત્તર), મનીષા વકીલ(વડોદરા શહેર) અને દર્શનાબહેન વાઘેલા(અસારવા)નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ મંત્રીમંડળમાં પ્રવિણ માળી (ડીસા) સૌથી યુવા નેતા છે, જે યુવા નેતૃત્વને પ્રોત્સાહન આપવાની પાર્ટીની નીતિ દર્શાવે છે. નવા મંત્રીમંડળની રચના દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અનુભવી અને નવા નેતાઓ, તેમજ વિવિધ પ્રદેશો અને જાતિઓના પ્રતિનિધિત્વ વચ્ચે સંતુલન જાળવવાનો સફળ પ્રયાસ કર્યો હોય તેમ જણાય છે.

### કોંગ્રેસમાં અધૂરુ રહેલુ સપનુ ભાજપમાં આવીને પૂરું થયું

# અર્જુન મોઢવાડિયાએ આખરે સત્તાનો સ્વાદ ચાખ્યો

ગાંધીનગર, તા.૧૭

કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા હાર્દિક પટેલ, સીજે ચાવડા અને અલ્પેશ ઠાકોરની મનની મનમાં રહી ગઈ. તેમના મંત્રીપદના અભરખા તો પૂરા ન થયા. પરંતુ ગત વર્ષે કેસરિયો કરનારા અર્જુન મોઢવાડિયાને સત્તાનો સ્વાદ ચાખવા મળ્યો છે. અર્જુન મોઢવાડિયાના કેબિનેટ મંત્રી બનીને લીલી પેનથી સહી કરવાના સપના પૂરા થયા છે.

ગુજરાત સરકારનું નવુ મંત્રી મંડળ તૈયાર થઈ ગયું છે. મંત્રી મંડળમાં મુખ્યમંત્રી સહિત કુલ ૨૬ મંત્રીઓ સામેલ કરાયા. તો હર્ષ સંઘવીને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. ભૂપેન્દ્ર પટેલ સરકારમાં હવે ૩ જૂના અને ૫ નવા સહિત આઠ કેબિનેટ કક્ષાના મંત્રી થયા. ભૂપેન્દ્ર પટેલ સરકારમાં ૧૭ રાજયકક્ષાના મંત્રીઓ રહેશે. નવી કેબિનેટમાં ત્રણ મહિલાઓને સ્થાન અપાયું. હવે કોને ક્યા ખાતા સોંપાશે તેના પર હવે સૌની નજર રહેશે. કેબિનેટ મંત્રી તરીકે જીતેન્દ્ર વાઘાણી, નરેશ પટેલ, અર્જુન મોઢવાડીયા, ડૉ. પ્રદ્યુમ્ન વાજા અને રમણ સોલંકીએ હોદ્દો અને ગુપ્તતાના શપથ લીધા હતા.

કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા અને પેટાચૂંટણીમાં વિજય મેળવનાર અર્જુન મોઢવાડિયાનું નામ મોખરે છે. મોઢવાડિયા સૌરાષ્ટ્રના એક મોટા અને અનુભવી નેતા છે. ભાજપે તેમને મંત્રી પદ આપીને તેમના અનુભવનો લાભ લેવા અને સ્થાનિક રાજકીય સમીકરણો સંતુલિત કરવાનો પ્રયાસ કર્યો. તાત્કાલિક પક્ષપલટો કર્યા બાદ જ મંત્રીપદ મળે તો તેને એક મોટો સંકેત માનવામાં આવ્યો છે.

ભાજપ ૩૦ વર્ષોથી ગુજરાતમાં સત્તામાં છે. બીજી તરફ, કોંગ્રેસ ૩૦ વર્ષોથી સત્તાથી દૂર છે. આવામાં કોંગ્રેસમાં રહીને મંત્રીપદ મળે એ અશક્ય છે. ત્યારે અર્જુન મોઢવાડિયાનું લીલી પેનથી સહી કરવાનું સપનુ ભાજપમાં આવીને જ પૂરું થયુ છે. તો બીજી તરફ, સીજે ચાવડા, હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરના અરમાનો પૂરા ન થયા. તેમના મંત્રીપદના સપના મનમાં જ રહી ગયા. પણ મોઢવાડિયાને પક્ષપલટો ફળી ગયો તેમ કહી શકાય.




## સમગ્ર પંથકમાં દિવાળી પહેલા દિવાળી જેવો માહોલ ઉભો થયો

# અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાને ભારેખમ ખાતા સોંપાયા

**જિલ્લાનાં મુખ્ય મથકનાં ધારાસભ્યને ૧૩ વર્ષનાં લાંબા કાર્યકાળ બાદ રાજયમંત્રી પદ સોંપાયુ**

**જિલ્લાનાં રાજકીય ઈતિહાસમાં સૌપ્રથમ વખત અતિ મહત્વનાં ગણાતાં કાયદો, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ સોંપાયો**

**અમરેલીનાં કાર્યાલય તેમજ તેમનાં વતન દેવરાજીયા ખાતે આતશબાજી અને મીઠાઈનું વિતરણ**

**૨૦૦૨ થી એબીવીપીનાં સભ્યથી શરૂ કરીને ૨૩ વર્ષમાં કૌશિક વેકરિયાએ લાંબી છલાંગ લગાવીને રાજકીય ક્ષમતા પુરવાર કરી**



અમરેલી, તા. ૧૭

અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને રાજય કક્ષાના મંત્રીપદના આજે શપથ લેતા અમરેલી જીલ્લામાં ઉત્સાહનો માહોલ છવાયો છે. ધારાસભ્યના કાર્યાલય ખાતે આતશબાજી ધ્વારા ખુશીઓ મનાવામાં આવી હતી. તો જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે આતશબાજી કરવામાંઆવી હતી. ત્યારે તેઓના માદરે વતન દેવરાજીયા ખાતેમંત્રીપદનીખુશહાલીઉડીનેઆંખેવળગે તેવી જોવા મળી હતી. તેઓના દેવરાજીયા ગામમાંજશ્નનો માહોલ વચ્ચે દિવાળી પહેલા દેવરાજીયા ગામમાં દિવાળીઊજવવામાંઆવીહતી.ઢોલઅને ફટાકડાથી દેવરાજીયા ગામ ગુંજી ઉઠયું હતું.અમરેલીનેસને૨૦૧૨બાદફરીએક વખતમંત્રીપદ મળવા પામેલછે.

તેઓના મંત્રીપદના શપથ બાદ તેમનાં માતૃશ્રીએ ઈશ્વરનો આભાર માન્યોહતો. તેઓપ્રથમ સહકારી બેંકના કર્મચારી હતાં. બાદમાં દેવરાજીયાના સરપંચ બન્યા હતાં. ત્યાંથી તેમનો રાજકારણમાં પ્રવેશ થયો હતો. બાદમાં અમરેલી જીલ્લા ભાજપના મહામંત્રી, પ્રમુખ અને બાદમાં પ્રથમ વખત સને ૨૦૨૨માંધારાસભ્યબન્યાહતાંઅનેહવે રાજય સરકારના મંત્રી બન્યા હોવાનો આનંદ ધર્મપત્ની સગુણાબેન કૌશિકભાઈ વેકરીયાએવ્યકતકર્યોહતો.

અમરેલી જિલ્લા સાથે ગુજરાતનાવિકાસમાંતેઓઆગળરહેશે તેવોવિાસવ્યકતકર્યોહતોઅનેતેઓના ધર્મપત્ની સગુણાબેન વેકરિયાએ મોદી સરકારનોમાન્યોઆભારહતો.

રાજય મંત્રીની રાજકીય કારકિર્દી પર નજર નાખીએ તો તેઓ ૨૦૦૨થી૨૦૦૬ એબીવીપીનાસભ્ય રહયાહતા,૨૦૦૯થીઅમરેલીતાલુકા ભાજપનામહામંત્રીબન્યાહતાં,૨૦૧૧ થી ૨૦૧૫ સુધી દેવરાજીયા ગામના સરપંચપદેકૌશિકવેકરીયાહતા.૨૦૧૨ થીઅમરેલીએપીએમસીના ડાયરેકટર બન્યા હતાં. ૨૦૧૨ થી ૨૦૧૬ સુધી અમરેલી તાલુકા ભાજપ પ્રમુખપદ શોભાવ્યું હતું. ૨૦૧૬ થી ૨૦૨૦ અમરેલી જિલ્લા ભાજપના મહામંત્રી બન્યા હતાં. ૨૦૨૦થી અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ બન્યા હતાં. જયારે ૨૦૨૨ માં અમરેલીના પ્રથમ વખત ધારાસભ્ય બન્યા હતાં અને તેઓ ૪૬ હજારથીવધુમતથીવિજેતાબન્યાહતાં. જયારેઆજેપ્રથમવખતમંત્રીપદેશપથ લીધાહતાં.



















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)